**ANKLESHWAR INDUSTRIES ASSOCIATION**
Plot No. 618-619, GIDC Industrial Estate, Ankleshwar -393002 Dist: Bharuch (Gujarat) INDIA
Telefax: (02646) 221000, 222000, 253102 E-mail: info@aiaindia.co.in Web: www.aiaindia.co.in

ઇ-મેઇલ

તા. ૧૨.૦૫.૨૦૧૮

તમામ સભ્ય ઉધ્યોગો,

સંદર્ભ: ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ નં. જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, સચિવાલય, ગાંધીનગર.

વિષય: માફી યોજના-૨૦૧૭.

મહોદય,

સવિનય જણાવવાનું કે ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ નં. જીયુવી-૨૦૧૬-૩૧૭૦-ક૧, સચિવાલય, ગાંધીનગરના સરકયુલરના અનુસંધાને રાજયના કાયમી ધોરણે બંધ થયેલ વીજ જોડાણોવાળા ગ્રાહકો/બીન ગ્રાહકોના બાકી લ્હેણાંની વસુલાત માટેની માફી યોજના-૨૦૧૭ રાજય સરકારે જાહેર કરેલ છે, આ યોજના મુજબ નીચે પ્રમાણે લાભ મળવાપાત્ર છેઃ

૧. ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવની શરત નં. ૬ મુજબ ઘર વપરાશના વીજ ગ્રાહકો (બીપીએલ અને નોન બીપીએલ) તેમજ ખેતીવાડી વીજ ગ્રાહકો, તેમના બાકી વીજ બીલની મુળ રકમના ૫૦% રકમ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસની અંદર પુરેપુરી ભરશે, તો તેઓ પાસેથી લ્હેણી થતી વ્યાજની પુરેપૂરી રકમ અને મુળ રકમના ૫૦% રકમની માફી મળવાપાત્ર છે.

૨. ઉપરોક્ત શરત નં ૬માં દર્શાવ્યા સિવાયના તમામ વીજ ગ્રાહકો એટલે કે વાણિજિયક, ઔધ્યોગિક અને વોટર વર્કસના વીજ ગ્રાહકો તથા તમામ કક્ષાના બીન ગ્રાહકો, તેમની બાકી વીજ બીલની મુળ રકમ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસની અંદર પુરેપુરી ભરશે તો જ તેમની પાસેથી લ્હેણી થતી વ્યાજની પુરેપુરી રકમની માફી મળવાપાત્ર થશે.

૩. ભૂતકાળમાં આખરી થઇ ગયેલ કોઇપણ કેસની આ યોજના હેઠળ સમીક્ષા થઇ શકશે નહીં. આ યોજના માત્ર આગામી સમયથી જ લાગુ પડશે.

આ લાભ મેળવવાની છેલ્લી તારીખ ૨૪.૦૭.૨૦૧૮ છે, તો જરૂરીયાતમંદોએ લાભ લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

નિલેશ એસ. ગોંડલિયા
ચેરમેન
ડીજીવીસીએલ કમિટી